## "કૃષિ વિજ્ઞાન કેન્દ્ર,વ્યારા ખાતે બંધારણ દિવસની ઉજવણી કાર્યક્રમ યોજાયો"

ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ–ન્યુ દિલ્હી દ્વારા પુરસ્કૃત અને નવસારી કૃષિ યુનિવર્સિટી–નવસારી દ્વારા સંચાલિત તાપી જિલ્લાનું કૃષિ વિજ્ઞાન કેન્દ્ર – વ્યારા ખાતે કાર્યરત છે. આ કેન્દ્ર દ્વારા તા. ૨૪/૦૨/૨૦૨૦ના રોજ 'બંધારણ દિવસની'ની ઉજવણી કરવામાં આવી હતી. સદર કાર્યક્રમમાં તાપી જિલ્લાના કુલ ૫૭ ખેડૂતો ભાઈઓ અને બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

કાર્યક્રમની શરૂઆતમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડૉ.સી.ડી.પંડયાએ સ્વાગત પ્રવચન કર્યુ હતું તેમજ વધુમાં તેમણે બંધારણની અગત્યતા વિશે ખેડૂતોને માર્ગદર્શિત કર્યા હતા. કાર્યક્રમના મુખ્ય અતિથીશ્રી કૈલાશ નાયક, એડવોકેટ, વ્યારા દ્વારા બંધારણનો પરિચય આપી નાગરિકોની મૂળભૂત ફરજો વિશે માહિતગાર કર્યા હતા. વધુમાં તેમણે જમીનના કાયદાઓ અને સુધારાઓ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. ત્યારબાદ ખેડૂતોને જમીનના કાયદાઓલક્ષી મૂંઝવતા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન તથા આભારવિધિ ડૉ. એ. જે. ઢોડિયા, વૈજ્ઞાનિક (વિસ્તરણ શિક્ષણ) દ્વારા કરવામાં આવી હતી.




કૃષિ વિજ્ઞાન કેન્દ્ર
નવસારી કૃષિ યુનિવર્સિટી
Celebration of Constitution Day
બંધારણ દિવસની ઉજવણી


કૃષિ વિજ્ઞાન કેન્દ્ર
Celebration of Constitution Day
બંધારણ દિવસની ઉજવણી


કૃષિ વિજ્ઞાન કેન્દ્ર
Celebration of Constitution Day